ગાંધીનગર મેટ્રો
દૈનિક અખબાર
દ્વારા પ્રસિદ્ધ થતી રવિવારની વિશેષ પૂર્તી

# લાયન્સ સમાચાર

સ્થાપકઃમુકેશભાઈ પટેલ ૯૪૨૬૩૦૨૬૮૪, ચીફ એડીટરઃડો. બીનાબેન પટેલ, ડિસ્ટ્રિક્ટ ગવર્નર ૩૨૩૨ B૩ઃ હીરેન મેવાડા તરીખઃ૦૭-૦૯-૨૦૨૫,રવિવાર

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી ની પ્રથમ સામાન્ય સભા યોજાઈ.






તારીખ 5/ 9 /2025 ને શુક્રવારના રોજ સાંજે 7:00 કલાકે આગમન રેસ્ટોરન્ટ અમદાવાદ ખાતે ના બેન્કવેટ હોલમાં લાયન્સ ક્લબ અમદાવાદ સીટીની સામાન્ય સભા યોજાઈ હતી, જેમાં જીએલટી કોર્ડીનેટર શ્રીમતી મમતાબેન રાવલ ઉપસ્થિત રહ્યા હતા મીટીંગ ની શરૂઆત પહેલા સર્વે લાયન્સ મિત્રોએ ભેગા થઈને ડિનર કર્યું હતું. ત્યારબાદ બેંકવેટ હોલમાં સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સામાન્ય સભાની શરૂઆત પ્રેસિડેન્ટ ડોક્ટર બીનાબેન પટેલ દ્વારા કરવામાં આવી હતી ફ્લેગ સેલ્યુટેશન ઉમેશ ભાઈ દરજી એ કર્યું અને મિશન સ્ટેટમેન્ટ દીપકભાઈ શ્રીવાસ્તવ એ વાચ્યું હતું.ત્યાર બાદ સેક્રેટરી મહેન્દ્રભાઈ એ પ્રોજેક્ટ રિપોર્ટ આપ્યો હતો. પ્રેસિડેન્ટ ડોક્ટર બીનાબેન પટેલ દ્વારા શ્રીમતી મમતાબેન રાવલને પુષ્પગુચ્છ અને ગિફ્ટ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બીનાબેન પટેલ દ્વારા આવનારા પ્રોજેક્ટ ની માહિતી આપવામાં આવી અને તમામ સભ્યશ્રીઓ અને પાસ્ટ પ્રેસિડેન્ટસ વગેરેનો ધન્યવાદ અદા કર્યો હતો

તદુપરાંત લાયન્સ ક્લબ અમદાવાદ સિટીના કરેલ કાર્યક્રમ દરમ્યાન માર્ગદર્શન આપનાર દેવજીભાઈ પટેલ રાજેશભાઈ ભગવાનભાઈ તથા પાસ પ્રેસિડેન્ટો મહેશભાઈ શાહ પ્રવીણભાઈ પટેલ શિવ રત્ન ભાઈ કમલેશભાઈ દરેકે આપેલ સહકાર બદલ ડો બીનાબેન પટેલ દ્વારા દરેકનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો. ત્યારબાદ લાયન્સ ક્લબ અમદાવાદ સિટીના સેક્રેટરી મહેન્દ્રભાઈ વર્મા દ્વારા કલબે અત્યાર સુધી કરેલા 25 કાર્યક્રમો અંગે તમામ સભ્યોને માહિતગાર કર્યા હતા તદુપરાંત સંસ્થાનો એક પર્મનેન્ટ પ્રોજેક્ટ જે ગાંધીનગર ખાતે આકાર પામી રહ્યો છે તેઓ લાયન્સ સનરાઈઝ ઓક્સિજન પાર્ક વિશે માહિતી આપી હતી અને આવનાર દિવસોમાં કરવામાં આવનાર અન્ય પ્રોગ્રામો વિશે પણ જણાવવામાં આવ્યું હતું

મમતાબેન રાવલ દ્વારા તમામ સભ્યોને લાયન્સ ક્લબ વિશે ખૂબ જ રસપ્રદ રીતે માહિતગાર કરવામાં આવ્યા હતા લોકોને સવાલો પૂછી જવાબ આપનાર ને અવનવી ગીફ્ટ આપવામાં આવી હતી જેના થકી લોકોનો ઉત્સાહ વધી રહ્યો હતોઅંતે સેક્રેટરી મહેન્દ્ર ભાઈ વર્મા દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી અને આવનાર દરેક સભ્યોને આભાર માન્યો હતો અને આવનાર સમયમાં થનાર કાર્યક્રમો ની અંદર દરેકનું સાથ અને સહકાર આવી રીતે મળતો રહેશે

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર







આજ રોજ બીલીમણા ખાતે નેત્ર નિદાન નો કેમ્પ યોજવામાં આવ્યો હતો તેમાં ઓપીડી માં ૧૨૩ દર્દીઓ ને તપાસ માં આવ્યા તે પૈકી ૭૧ દર્દીઓને ચશ્મા વિતરણ કરવામાં આવ્યું જેમાં મોતિયા ડીટેકટે ૨૭ અને વેલ ડીટેકટ ૪ થયા તે પૈકી પ્રથમ રાઉન્ડમાં ૧૭ મોતિયા નાં અને ૪ વેલ નાં એમ મળી ને હાલ ૨૦ દર્દીઓ ને ઓપરેશન માટે હોસ્પિટલ્સ માં સારવાર માટે દાખલ કરાયા. સદરહુ કેમ્પ માં પ્રમુખ અનિલ પ્રજાપતિ, વીપી અજય પટેલ, મોહનભાઈ પરમાર ની સેવા મળેલી.

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર






22 ઓગસ્ટના રોજ કલોલ માવતર વૃદ્ધાશ્રમ ના વડીલોને ડાકોરનો યાત્રાકરવામાં આવી અને ખૂબ જ મજા આવી તથા તેમને ખૂબ જ આનંદ કર્યો

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી અને જય અંબે સેવા કેમ્પ

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી અને જય અંબે સેવા કેમ્પ તરફથી અંબાજી જતાં પદયાત્રીઓને વિના મુલ્યે સેફટી બેલ્ટ નું વિતરણ કરાયું.








આજે તા -1/9/25 સોમવારનાં રોજ ગુજરાતના સેફટી કમિશ્નર શ્રી સતિષભાઈ પટેલ( ગવર્મેન્ટ ઓફ ગુજરાત )ની ઉપસ્થિતી માં લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી તરફથી પદયાત્રીઓને માર્ગ અકસ્માતથી બચાવવા માટે રેડિયમ વાળા સેફટી બેલ્ટ લગાડી આપવામાં આવ્યા.જય અંબે સેવા કેમ્પ ના મુખ્ય આયોજક અને લાયન્સ ડિસ્ટ્રિક્ટ ઈવેન્ટ ચેરમેન શ્રી મુકેશભાઈ એ સતિષભાઈ નું ઉત્સાહ ભેર સ્વાગત કર્યું,અને કેમ્પમાં અપાતી પદયાત્રીઓને સુવિધાઓ વિષે જણાવ્યું.

શ્રી સતિષભાઈ એ ગાંધીનગર મેટ્રો ન્યુઝ ચેનલને ઈન્ટરવ્યૂ આપતાં જણાવ્યું કે, લાયન્સ ક્લબ તરફથી શરૂ થયેલી આ પ્રવૃત્તિ ખરેખર પદ યાત્રીઓ ને ખુબ ઉપયોગી નીવડશે.તેઓએ પોતે કેટલાંક પદયાત્રીઓને સેફટી બેલ્ટ લગાવી આપ્યા અને ચાલતી વખતે શું શું ધ્યાન રાખવું તે અંગેના તેઓને સૂચનો પણ આપ્યા.તેઓએ દરેક કેમ્પની આસપાસ કચરો જમા ન થાય અને સ્વચ્છતા જળવાય તેનું ધ્યાન રાખવા ખાસ ભાર મૂકી જણાવ્યું. કેમ્પ તરફથી વહેંચવામાં આવતાં ખાદ્ય પદાર્થો ની ગુણવતા પણ જળવાવી જોઈએ એવું જણાવ્યું.ગુજરાત સરકાર ના સેફટી વિભાગ તરફથી યાત્રાળુઓ તેમજ વાહન ચાલકોને કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું તેમજ અન્ય જરૂરી સૂચનોની પત્રિકાઓ પણ વહેંચવામાં આવી.

લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટીના પ્રેસિડેન્ટ બીનાબહેન પટેલે જણાવ્યું, સેફટી કમિશનર શ્રી સતિષભાઈના આવવાથી કેમ્પના યુવાનોમાં ઉત્સાહનું વાતાવરણ જોવા મળ્યું.આ પ્રકારની પહેલથી પદ યાત્રીઓ તથા વાહન ચાલકો માં સુરક્ષા પ્રત્યે ની જાગૃતિ વધશે. અને અકસ્માતોની શક્યતા ઘટશે તેમજ યાત્રાળુઓ વધુ સુરક્ષિત બનશે. પદયાત્રીઓને સેફટી જાળવવાની સાથે સાથે પોતાની તબિયતનું ધ્યાન રાખવું એટલું જ જરૂરી છે, સતત પાણી પીતા રહીને ડિહાઈડ્રેસન થતું અટકાવી શકાય. આશરે 1230 જેટલાં પદયાત્રીઓ ના બેગ પર અથવા હાથે કે ખભા ઉપર સેફટી બેલ્ટ લગાડવામાં આવ્યા. આ ઉપરાંત આસપાસના કેમ્પમાં પણ બેલ્ટ પહોંચાડવામાં આવ્યા. આ સમયે કે આર પટેલ હરેશભાઇ પટેલ,માનાજી મારવાડી, તરુણ ભાઈ પટેલ સેવાભાવી લોકો હાજર રહ્યાં હતાં

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ




આજરોજ તારીખ પહેલી સપ્ટેમ્બર 2025 સોમવારના સવારે 11:30 વાગે લાયન અશ્વિનભાઈ પંડ્યા ની બર્થ ડે નિમિત્તે ઉસ્માનપુરા ગામમાં આવેલી આંગણવાડીમાં નાના ભૂલકાઓને ફ્રુટ ડિશ,
ચોકલેટ તથા બિસ્કીટનું વિતરણ કરવામાં આવેલ.
આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન લાયન ડિમ્પલબેન શાહે સાંભળીને કાર્યક્રમને ખૂબ સુંદર સફળતા અપાવેલ.

## જય રણછોડ સેવા ટ્રસ્ટ, લાયન્સ ક્લબ ઓફ સરસપુર




જય રણછોડ મિત્ર મંડળ સેવા ટ્રસ્ટ, લાયન્સ ક્લબ ઓફ સરસપુર દ્વારા તા.3.9.2025 ના રોજ શ્રી નીલકંઠ મહાદેવ મંદિર સરદાર,ચોક ખાતે ફ્રી મોતિયા કેમ્પમાં 16 દર્દી ભગવાનશ્રીઓને આજે ફ્રી મોતિયાના ઓપરેશન કરાવવાનો સેવા લાભ લઈ ધન્યતા અનુભવીએ છીએ.

## લાયન્સ ક્લબ ઓફ મોડાસા




31 -08 -2025 ના રોજ દૂધેશ્વરી માતા ના મંદિર સબલપુર ખાતે લાયન્સ ક્લબ ઓફ મોડાસા અને નિયાસી રેસીડેન્સી પરિવાર દ્વારા અંબાજી જતા પદયાત્રીઓ માટે ચા,નાસ્તો, બિસ્કીટ અને પાણી ની સેવા પૂરી પાડવામાં આવી. જેમાં લાયન્સ ક્લબ ઓફ મોડાસાના પ્રમુખ શ્રી નિરવભાઈ, ઝોન ચેરમેન શ્રી પરેશભાઈ શાહ,ડીસી મેમ્બરશીપ રૂરલ શ્રી પ્રવીણભાઈ તથા ઉપપ્રમુખ શ્રી મનોજભાઈ ઉપાધ્યાય એ આ અમૂલ્ય સેવાનો લાભ લીધો અને ધન્યતા અનુભવી.

## લાયન્સ ક્લબ ઓફ મોડાસા




નિયાસી રેસીડેન્સી મોડાસા ખાતે ગણેશ ચતુર્થી નિમિત્તે કવિઝ સ્પર્ધા, ઓપરેશન સિંદૂર, સંગીત ખુરશી, સ્વદેશી આપનાવો, લીંબુ ચમચી જેવી જુદી જુદી પ્રવૃતિઓ માં ભાગ લેનાર તમામ 36 બાળકો ને લાયન્સ ક્લબ ઓફ મોડાસા તરફથી પ્રોત્સાહિત ઈનામ આપવા માં આવ્યા. લાયન્સ ક્લબ ઓફ મોડાસા ના પ્રમુખશ્રી નીરવભાઈ એ દાતાશ્રી મુકેશભાઈ પટેલ અને કુંતલભાઈ બારોટ નો આભાર માન્યો હતો.આ કાર્યક્રમ માં મોટી સંખ્યા માં નિયાસી રેસીડેન્સી ના સભ્યો હાજર રહયા હતા.આ કાર્યક્રમ માં ઝોન ચેરમેન લા પરેશભાઈ શાહ, ડી સી મેમ્બરશીપ રૂરલ લા પ્રવીણભાઈ અને ઉપ પ્રમુખશ્રી મનોજભાઈ ઉપાધ્યાય ની વિશેષ હાજરી રહી હતી. આ કાર્યક્રમ માં નિયાસી પરિવાર ના તમામ સભ્યો હાજર રહયા હતા. શ્રી જયેશભાઈ સોનીએ આ કાર્યક્રમ ની આભાર વિધી કરી હતી.

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ વાઈબ્રન્ટ




લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ વાઈબ્રન્ટે સફળતાપૂર્વક "સાવન ક્વીન્સ ડે આઉટ - અ ગ્રાન્ડ લેડીઝ પિકનિક" નું આયોજન કર્યું, જે એક યાદગાર કાર્યક્રમ હતો જેનું સંચાલન સંપૂર્ણપણે ક્લબની મહિલા પાંખ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રમુખ મુકેશ બી. ચોપરા અને પ્રથમ લાયન લેડી મિતાલી ચોપરા ના મજબૂત વિઝન હેઠળ, આ કાર્યક્રમે મહિલા સભ્યોના નેતૃત્વ, આયોજન અને સૂક્ષ્મ-વ્યવસ્થાપન કૌશલ્યો દર્શાવ્યા. આ પહેલે માત્ર મહિલાઓના જોડાણને મજબૂત બનાવ્યું નહીં પરંતુ મહિલાઓમાં નવા નેતૃત્વને પણ પ્રોત્સાહન આપ્યું, જેને ખરેખર નોંધપાત્ર અને પ્રેરણાદાયી સફળતા બનાવી. સમર્પિત કાર્યકારી ટીમ મિતાલી ચોપરા, નેહા ગાંધી, મોનિકા જૈન, આશા કોઠારી, પિનલ જૈન, રોમા બંઠિયા, અપ્સિતા નાગોરી, ગીતા રાવ, મોના મંડોટ, મીનલ જૈનનો ખાસ આભાર.

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર




કંથારપુર દહેગામ ખાતે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું તેમાં 44 દર્દીઓની તપાસ કરવામાં આવી 6 મોતિયા ડીટેક્ટ થયા અને 36 ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યુ.

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ, લિયો ક્લબ




અમદાવાદ આર્ટિઝન લાયન્સ અને લિયો ક્લબને "ગણપતિ ક્રિએટિવ આર્ટ સ્પર્ધા"નું આયોજન કરવાની અતિ આનંદમય તક પ્રાપ્ત થઈ, જે અપુરવા ચિલ્ડ્રન હોસ્પિટલના નાનકડા દર્દીઓ માટે ખાસ સમર્પિત હતી।
આ હૃદયસ્પર્શી પ્રયત્ને બાળકોના નિર્દોષ મનમાં રહેલી કલ્પનાશક્તિ, સર્જનાત્મકતા અને ભગવાન ગણેશજી પ્રત્યેની અડગ ભક્તિને કળાના રંગોમાં પાથરીને અનોખી અભિવ્યક્તિ આપવાની અદભૂત તક આપી

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના

લાયન્સ ક્લબ ગાંધીનગર ફેમીના દ્વારા ગાંધીનગરના ઈતિહાસમાં પહેલીવાર 40+ વય ગ્રુપ માટે રાસ ગરબા કોમ્પિટિશન યોજાવા જઈ રહી છે. જે આગામી 13 સપ્ટેમ્બર, શનિવાર, બપોરે 3:30 વાગે, ટાઉનહોલ, સેક્ટર- 17, ગાંધીનગર ખાતે યોજાશે. આપ સૌને આ કોમ્પિટિશન નિહાળવા માટે હૃદય પૂર્વક આમંત્રણ છે.







## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના




લાયન્સ ક્લબ ગાંધીનગર ફેમિના દ્વારા સેક્ટર 20 ની સરકારી શાળામાં સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સ્ટેશનરી કીટ મેળવીને દરેક વિદ્યાર્થીઓના મુખ પર અલગ જ ખુશી જોવા મળી હતી શાળાના પ્રિન્સિપાલ ટીચર્સ તેમજ સ્ટાફ દ્વારા લાયન્સ ક્લબની આ સર્વિસ એક્ટિવિટીની સરાહના કરવામાં આવી હતી
ગાંધીનગર ફેમિના દ્વારા 20 ની સરકારી શાળામાં ટીચર્સ ડે ની ઉજવણી કરવામાં આવી હતી ટીચર બનેલા વિદ્યાર્થીઓને ગિફ્ટ આપી અને એમના દ્વારા રજુ કરેલો તેઓનો અનુભવ સાંભળી પ્રોત્સાહિત કર્યા હતા

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી

# સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ સેક્ટર 2 ખાતે સ્ટેન્ડ અપ કોમેડી શો નું આયોજન કરવામાં આવ્યું






લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટીના સહયોગથી સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ સેક્ટર 2 ખાતે સ્ટેન્ડ અપ કોમેડી શો નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિનય દવે દેવેશ દરજી પૂરેનકુમાર તેમજ જીગર રાણા જેવા કલાકારોએ ભાગ લઈ વસાહતીઓને હાસ્યમાં તરબોળ કરી દીધા હતા ત્યારબાદ આર્ટસ ફાઉન્ડેશન દ્વારા નૃત્ય તેમજ નાટક કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા લાયન્સ ક્લબ અમદાવાદ સીટી ના પ્રેસિડેન્ટ ડૉ બીનાબેન પટેલ અને મેટ્રો કલ્ચરલ કલબના પ્રમુખ શ્રી મુકેશભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ ગણેશ ઉત્સવના પાંચમા દિવસે 24 વર્ષમાં પ્રથમ વખત રેખામાસી , રૂબીમાસી, મધુમાસી વગેરે ખાસ ઉપસ્થિત રહીને આરતી ઉતારી હતી અને સમિતિને પણ ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા હતા. કથાકાર પરમ પૂજ્ય પરિક્રમા દીદી તેમજ માનશીભાઈ ચૌધરી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા તેમનું હૃદયપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં વસાહતીઓ ખૂબ મોટી સંખ્યામાં હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો

## લાયન્સ ક્લબ ગાંધીનગર ફેમિના




લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા લાયન્સ ક્લબ કર્ણાવતી શાંતાબેન વિશ્વનુભાઈ પટેલ તેમજ એડવાન્સ હોસ્પિટલ, ગાંધીનગર ના સહયોગથી પિંપળજ ગામે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો હતો.

આ કેમ્પમાં આંખની તપાસ, હાડકાં-સાંધાની તપાસ, ડાયાબિટીસ, હૃદયરોગ, બ્લડ પ્રેશર તથા બ્લડ ટેસ્ટ જેવી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી, જેમાંથી ૧૨૫ ગ્રામજનોને લાભ મળ્યો હતો.

આ હેલ્થ ચેકઅપ કેમ્પ દરમિયાન ફેમિના ક્લબના પ્રેસિડેન્ટ અર્ચના દવે સેક્રેટરી કાનન પટેલ ટ્રેઝરર માયા અગ્રવાલ તેમજ તેમજ ડિસ્ટ્રિક્ટ ઓફિસર( વિઝન) લાયન અનિલ જયસિંઘાની અને ડિસ્ટ્રીક ઓફિસર (બ્લડ ડોનેશન કેમ્પ) શિરીષ મોદી અન્ય સભ્યોએ ઉત્સાહ થી સેવા આપી હતી આ આયોજનને ગામના સરપંચશ્રીનો વિશેષ સહકાર મળ્યો હતો, જેના કારણે વધુમાં વધુ લોકો જોડાયા.

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર




લાયન્સ કલબ ગાંધીનગરના સહયોગથી એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ કુડાસણ ગાંધીનગરમાં આજે "કેન્સર અવેરનેસ કાર્યક્રમ"અંતર્ગત સ્કૂલના શિક્ષિકાઓ માટે ચેકઅપનો કાર્યક્રમ રાખવામાં આવેલ.કાર્યક્રમ ખુબ સફળતા રહ્યો. લાયન્સ કલબ ગાંધીનગર નાં પ્રેસીડેન્ટશ્રી અનિલ પ્રજાપતિ, સેકેટરીશ્રી પ્રીતિ શર્મા, ઝોન ચેરમેનશ્રી મીનાક્ષી જયસિંઘાની,ધવલ દવે,સન્ની ગજ્જર લાયોનેસ પ્રેસીડેન્ટ વિમલા અયાચીની ખાસ ઉપસ્થિતિમાં કેન્સર અવેરનેસ ચેકીગ કાર્યક્રમ યોજાયો. સ્કૂલ પ્રિન્સીપાલ રુપલબા બિહોલાએ શિક્ષિકાઓ માટે ખાસ આ કાર્યક્રમનુ આયોજન કરાવેલ.72 શિક્ષિકાઓનું ચેકઅપ કરવામાં આવ્યુ.

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી

# લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી દ્વારા જય અંબે સેવા કેન્દ્રનું આયોજન કરાયું






લાયન્સ ક્લબ અમદાવાદ સીટી દ્વારા બાલવા ખાતે અંબાજી જતા પદયાત્રીઓ માટે જય અંબે સેવા કેન્દ્ર નું આયોજન કરવામાં આવ્યું હતું તારીખ 28 8 2025 ના રોજ સાંજે 5:00 કલાકે આ સેવા કેન્દ્રનું શુભારંભ કરવામાં આવ્યો હતો. શુભારંભ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને મા અંબાની આરતી ઉતારી ભવ્ય શુભારંભ કર્યો હતો ઉપરાંત આ પ્રસંગે લાયન્સના પ્રેસિડેન્ટ પાસ પ્રેસિડેન્ટ અને અન્ય લાયન્સના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા આ સેવા કેન્દ્રમાં સવાર સાંજ જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી તદુપરાંત નાસ્તામાં ચા અને ગાંઠિયા ની વ્યવસ્થા કરવામાં આવી હતી